# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18-11-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 19મા જી-20 શિખર સંમેલનમાં ભાગ લેવા બ્રાઝિલના રિયા ડી જાનેરો પહોંચ્યા
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી 2 દિવસ ગુજરાતના પ્રવાસે
- દિલ્હી-એનસીઆર રાજ્યોને ગ્રેપ-4 પ્રતિબંધ લાગુ કરવા તાત્કાલિક ટુકડીઓ રચવા સર્વોચ્ચ અદાલતનો નિર્દેશ.
- ઝારખંડ અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટેનો ચૂંટણી પ્રચાર પૂર્ણ - આ બુધવારે મતદાન થશે.
- છત્તીસગઢના ગુરુ ઘાસીદાસ-તમોર પિન્ગલા દેશનું 56મું વાઘ અભયારણ્ય જાહેર.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM BRAZIL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 19મા જી-20 શિખર સંમેલનમાં ભાગ લેવા બ્રાઝિલના રિયા ડી જાનેરો પહોંચ્યા છે, જ્યાં બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લૂલા ડા સિલ્વાએ શ્રી મોદીનું સ્વાગત કર્યું હતું. બ્રાઝિલ આવતા પહેલાં પ્રધાનમંત્રીએ નાઈઝિરિયાની મુલાકાત લીધી હતી.

પ્રધાનમંત્રી જી-20 શિખર સંમેલનમાં વિશ્વના ટોચના નેતાઓ સાથે મુલાકાત કરી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેન અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ આ બે દિવસના સંમેલનમાં ઉપસ્થિત રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA GDP

જી-20 દેશોમાં ભારત સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. સાત ટકાના વૃદ્ધિ દરની સાથે ભારતની અર્થવ્યવસ્થા 2024માં સૌથી ઝડપથી ગતિથી વધવાની શક્યતા છે. ભારત બાદ 5 ટકાના વૃદ્ધિ દર સાથે ઇન્ડોનેશિયા બીજા અને 4.8 ટકા સાથે ચીન ત્રીજા સ્થાન પર છે.

બ્રાઝિલમાં જી-20 શિખર સંમેલનમાં ક્રમાંક જાહેર થયા બાદ સોશિયલ મીડિયાની એક પૉસ્ટમાં ભારત સરકારના નિવેદન અનુસાર, આ સિદ્ધિ ભારતની મજબૂત અર્થવ્યવસ્થાને ઉજાગર કરે છે, જે વૈશ્વિક પડકારો વચ્ચે પણ પોતાની મજબૂતી અને ઝડપી ગતિના વિકાસને દર્શાવે છે.

ઉપરાંત 3.6 ટકા જીડીપી એટલે કે, કુલ સ્થાનિક ઉત્પાદન વૃદ્ધિ દરની સાથે રશિયા ચોથા, 3 ટકા સાથે બ્રાઝિલ પાંચમા સ્થાન પર છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH GUJARAT VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી 2 દિવસ ગુજરાતના પ્રવાસે છે. હાલમાં તેઓ અમદાવાદના ઓગણજ વિસ્તારમાં યોજાયેલા ઘાટલોડિયા વિધાનસભા સ્નેહમિલન સમારોહમાં ઉપસ્થિત રહ્યા છે.

શ્રી શાહ આવતીકાલે સવારે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ટપાલ ટિકિટોના પ્રદર્શન એવા “ફિલાવિસ્ટા 2024”ના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યાંથી તેઓ ગાંધીનગરના લવાડ ખાતે આવેલી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં 50મા અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન અધિવેશનમાં ઉપસ્થિત રહેશે.

જ્યારે બપોરે શ્રી શાહ સાબરકાંઠાના હિમ્મતનગરમાં આવેલી સાબર ડેરી ખાતે સાબર ડેરીના નવા અત્યાધુનિક કેટલફીડ પ્લાન્ટના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. સાંજે શ્રી શાહ અમદાવાદના શેલા વિસ્તારમાં યુપીએલ કંપની દ્વારા નવીનીકરણ કરાયેલા શેલા ગામ તળાવનું લોકાર્પણ કરશે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAKSHA SHAKTI UNI.

ગાંધીનગરમાં આવેલી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે આવતીકાલથી 2 દિવસ 50મા અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન અધિવેશન યોજાઈ રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આ અધિવેશનનું ઉદ્ઘાટન કરશે. સુરક્ષા અને કાયદાના અમલીકરણ માટે સમર્પિત દેશની મહત્વની સંસ્થા એવી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી પેહલી વાર આ સંમેલન યોજી રહી છે. આ અંગે પોલીસ સંશોધન વિકાસ બ્યૂરોંના આઈ. જી. રેખા લોહાનીએ માહિતી આપી હતી.

(બાઈટ- રેખા લોહાની, આઈ.જી. પોલીસ સંશોધન વિકાસ બ્યૂરો, ગાંધીનગર)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SC DELHI POLLUTION

સર્વોચ્ચ અદાલતે દિલ્હી-એનસીઆર રાજ્યોને તાત્કાલિક ધોરણે ગ્રેપ-4 એટલે કે, ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનના પ્રતિબંધને લાગુ કરવા માટે તાત્કાલિક ટુકડી બનાવવા આદેશ આપ્યો છે. દિલ્હી-એનસીઆરમાં હવા ગુણવત્તા અને ધુમ્મસને જોતા સર્વોચ્ચ અદાલતે આ આદેશ આપ્યો છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે, જો હવા ગુણવત્તા સૂચકાંક- એક્યૂઆઈ 450ની નીચે જશે તો પણ આ પ્રતિબંધ યથાવત્ રહેશે.

અદાલતે દિલ્હી અને આજુબાજુના રાજ્યોને ધોરણ 12 સુધીના પ્રત્યક્ષ વર્ગો બંધ કરવા તાત્કાલિક નિર્ણય લેવા જણાવ્યું છે. સર્વોચ્ચ અદાલતે ફટાકડા પરના પ્રતિબંધનો અમલ ન કરવા બદલ પણ દિલ્હી સરકારની ઝાટકણી કાઢી હતી. તેમજ દિલ્હી સરકાર અને પોલીસ કમિશનર પાસેથી આ પ્રતિબંધને લાગુ કરવા લેવાયેલા પગલાની વિગત આપતું સોગંદનામું મગાવ્યું હતું.

ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની ખંડપીઠે જણાવ્યું કે, તમામ નાગરિકો પ્રદૂષણમુક્ત વાતાવરણમાં રહે તે સુનિશ્ચિત કરવું એ તમામ રાજ્યોની બંધારણીય ફરજ છે. શુક્રવારે સુનાવણી માટે આ મામલાની યાદી આપતાં બેન્ચે કહ્યું કે, સંબંધિત રાજ્ય સરકારો દ્વારા ગંભીર હવા ગુણવત્તા સૂચકાંકને ઘટાડવા માટે તમામ સંભવિત પગલાં લેવા જોઈએ.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TRAINS FLIGHTS DELAYED

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હવા ગુણવત્તા ખરાબ થવાના કારણે અનેક ટ્રેન અને ઉડ્ડયન સેવાઓ અસરગ્રસ્ત થઈ છે. આ વિસ્તારમાં દ્રશ્યતા ઓછી થઈ હોવાથી અંદાજે 11 ફ્લાઈટ મોડી ચાલી રહી છે. તેમજ સાત ફ્લાઈટનો માર્ગ બદલવામાં આવ્યો છે. પ્રવાસીઓને પોતપોતાની એરલાઈન્સનો સંપર્ક કરવા સલાહ આપી છે.

સ્પાઈસજેટ અને ઇન્ડિગૉ સહિતની એરલાઈન્સે પણ યાત્રિઓને પોતાની ફ્લાઈટની સ્થિતિ ચકાસવા સલાહ આપી છે. આ તરફ ઉત્તર રેલવેએ જણાવ્યું કે, 13 ટ્રેન મોડી ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

---------

## YOUNG LEADERS DIALOGUE

રાષ્ટ્રીય યુવા મહોત્સવ 2025 આગવા વર્ષે 11 અને 12 જાન્યુઆરીએ યોજાશે. આ મહોત્સવને “વિકસિત ભારત યુવા નેતા સંવાદ” નામ અપાયું છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં સંવાદદાતા સંમેલનમાં આ અંગે જાહેરાત કરી હતી. શ્રી માંડવિયાએ કહ્યું કે, ‘આ મંચ દેશની યુવાશક્તિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત અને તેમની સમક્ષ પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરવાની તક આપશે.’

શ્રી માંડવિયાએ ઉમેર્યું કે, આ સંવાદનો ઉદ્દેશ દેશભરના યુવાનોની પ્રતિભાને ઓળખી તેનો વિકાસ કરવાનો છે. સાથે જ વિકસિત ભારત માટે તેમને એક એવું યોગ્ય મંચ પૂરું પાડવાનો છે, જે તેમે વૈશ્વિક અને રાષ્ટ્રીય હસ્તિઓ સાથે જોડે. આ સંવેદ દેશના યુવાનોને વિકસિત ભારતના વાહક બનાવવા માટે મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

**(બાઈટ – ડૉ. મનસુખ માંડવિયા- YUVA )**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## EVE JHARKHAND-CAMPAIGNING

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટેનો પ્રચાર આજે પૂર્ણ થયો છે. મહારાષ્ટ્રમાં કુલ 288 બેઠકો માટે અને ઝારખંડમાં બીજા તબક્કા અંતર્ગત 38 બેઠક માટે તેમજ ચાર રાજ્યની 15 વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટે આ બુધવારે મતદાન થશે. જ્યારે 23 નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, રાષ્ટ્રીય લોકતાંત્રિક દળ- એનડીએ અને ઇન્ડિ ગઠબંધનના નેતાઓ દ્વારા પોતાના ઉમેદવારોના સમર્થનમાં 150થી વધુ ચૂંટણી રેલીઓ યોજવામાં આવી હતી.

પ્રચાર દરમિયાન એનડીએના નેતાઓએ બાંગ્લાદેશી ઘૂસણખોરો, હેમન્ત સૉરેનની સરકારના ભ્રષ્ટાચાર, બેરોજગારી અને માસિક રોકડ તબદીલી યોજના જેવા મુદ્દા પર ધ્યાન આપ્યું. જ્યારે ઇન્ડિ ગઠબંધનના નેતાઓએ મહિલાઓ માટે તેમની રોકડ બાંહેધરી, યુવા રોજગાર, કેન્દ્ર સરકાર દ્વારા ઝારખંડ સામે કથિત ભેદભાવ અને અપૂરતા ભંડોળની ફાળવણી જેવા મુદ્દા પર ધ્યાન આપ્યું હતું. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ એનડીએના પ્રચાર અભિયાનનું નેતૃત્વ કર્યું હતું. ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના નેતાઓ પણ પ્રચારમાં જોડાયા હતા.

આ તરફ ઝારખંડ મુક્તિ મોરચાના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી હેમન્ત સૉરેન, કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી, રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે ઇન્ડિ ગઠબંધન માટે પ્રચાર કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHATTISGARH TIGER RESERVE

કેન્દ્ર સરકારે છત્તીસગઢના ગુરુ ઘાસીદાસ-તમોર પિન્ગલાને દેશના 56મા વાઘ અભયારણ્ય તરીકે જાહેર કર્યું છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે સોશિયલ મીડિયાના એક સંદેશમાં આ અંગેની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું, ‘2 હજાર 829 વર્ગ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું આ અભયારણ્ય વાઘ સંરક્ષણના પ્રયાસોમાં નવું સિમાચીહ્ન છે.’

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DELHI KAILAS GEHLOT

આમ આદમી પાર્ટીના પૂર્વ નેતા કૈલાસ ગેહલોત આજે ભાજપમાં જોડાઈ ગયાં છે. ભાજપના મુખ્ય કાર્યાલય ખાતે કેન્દ્રીય મંત્રી મનોહર લાલે શ્રી ગેહલોતનું પક્ષમાં સ્વાગત કર્યું હતું. દરમિયાન દિલ્હી ભાજપના અનેક વરિષ્ઠ નેતા ઉપસ્થિત રહ્યા હતા. કૈલાસ ગેહલોતે કહ્યું કે, તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નીતિઓથી પ્રભાવિત થયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .